સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'અભિવ્યક્તિ'ના બહાને આતંકને બાથમાં લે છે,
તો કોઈ 'દેશ-પ્રેમ' ના નામે કાયદા હાથમાં લે છે,
નાથ રહ્યો નથી કોઈ હવે આ વિશાળ રાષ્ટ્રનો -
સંગાથ નથી ન્યાયનો, સત્તાને સાથમાં લે છે!

શરુ થયો છે,
લ્યો! કોર્ટો વચ્ચે પણ -
સત્તા સંઘર્ષ!!
(હાઈકોર્ટ-સુપ્રીમ-સામસામે)

બધા ક્ષેત્રોમાં,
વિભાજનનું વિષ -
વિસ્તારે પક્ષો...
(ધર્મ-શિક્ષણ-સમાજ)

હાઈકુ

ચિંતન

સાકટ સૂકર કુકરા, તીનોં કી ગતિ એક । કોટિ જતન પરમોધિયે, તઉન છોડે ટેક ॥

ઘણીવખત સજ્જનો પોતાની શક્તિમાં વિશ્વાસ રાખી દુર્જનોને સુધારવાના શુભ હેતુથી તેમની સાથે દોસ્તી કરે છે. ગાંધીજીને પણ આવા પ્રસંગે કડવા અનુભવો થયા હતા.

સંતની પ્રકૃતિ કરૂણાસભર હોવાથી તે દુર્જનોની હરકતો નજરઅંદાજ કરે છે. તેને સુધારવાની આશા છોડતા નથી. કબીરજી વ્યવહાર કુશળ છે. વ્યક્તિ અને સમાજને ઝીણી નજરે જુએ છે. આદર્શ કરતાં અનુભવને ધ્યાને લે છે. ખરાબ સ્વભાવની વ્યક્તિની સરખામણી ભૂંડ અને કૂતરાં સાથે કરે છે.

ભૂંડ ગંદકીમાં રાચે છે. ગમે તેવા નિર્મળ વાતાવરણને પ્રદૂષિત કરી શકે છે. કૂતરો વફાદાર હશે. તેને તાલીમ આપી શકાય છે પણ ક્યારે સ્વભાવગત તે માલિક કે તેના મહેમાનને કરડશે તે નક્કી નથી.

કબીરજીની અનુભવવાણી છે કે, આવી પ્રકૃતિમાં સુધારો કરવા કરોડો વખત પ્રયત્ન કરો પણ પરિણામ આપતું નથી. યુવાનો માટે સંગનો રંગ લાગવો સહજ છે. અંગ્રેજીમાં કહેવત છે કે,

'વ્યક્તિ તેના સંગથી ઓળખાય છે.'

તેથી જ સત્સંગનું મહત્ત્વ છે.

સુવિચાર

- લાખો નિરાશા વેઠી શકનારને જ આશા અમર છે ની શ્રદ્ધા રાખવાનું અધિકાર પૂર્ણ બળ મળી શકે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- હરપળ ગણતું આખરી, અંતિમ જ સકળ કર્મ, માણી લે તું જીંદગી, જીવન નો આ છે મર્મ... - **ભીખુદાન ગઢવી**
- ચહેરો આપણને મળેલો છે, હાવભાવ આપણે ઉમેરવાના છે... હૃદય આપણને મળેલું છે, સદ્‌ભાવ આપણ ઉમેરવાના છે - **ફાધર વાલેસ**
- ભગવાનની કૃપાને તમે ખોઈના બેસો... તમે ધાર્યું હોય એ રીતે તે ના પણ આવે !! તમારી આસપાસ જ એ ક્યાંક હશે - **રજનીશ**
- પુસ્તકોમાં આપણી જાતનો ઈતિહાસ અર્થાત્ ઘણા યુગોની સંચિત કરેલી વિદ્યા અને અનુભવ એ બધાની હકીકતો લખાયેલી છે - **વિનોબા ભાવે**
- આજનું ઔષધ : ચોખાના ધોવાણમાં જાયફળ ઘસીને પીવાથી ઉલ્ટી ઉબકા મટે છે

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

બાળક તદ્દન નિર્દોષ હોય છે તેમનો કોઈ પણ આચરણમાં ગુનાઈત વૃત્તિ કે સ્વાર્થવૃત્તિ નથી હોતી, હા, પણ એ આચરણમાં કોઈ દોષ કે નૂકશાન થતું હોય, પણ એ આપણી સંકુચિત દૃષ્ટિનો દોષ છે...

એક પિતાજી અગત્યના કામ માટે કિમતી સોનેરી કાગળ સાંજે, ઓફિસથી આવતાં લઈ આવ્યા. રાત્રે જયારે એનો ઉપયોગ કરવા બેઠા ત્યારે જોયું કે એ કાગળમાંથી વચ્ચેથી ચોરસ કપાઈ ગયો હતો. એને માટે એ કાગળ નકામો થઈ ગયો હતો. પિતાને ખૂબ જ ગુસ્સો આવ્યો. પુત્રીએ એકરાર કરતાં જ એને ધીબી નાખી.

દીકરી ખાધા-પીધા વિના રાત્રે સૂઈ ગઈ. સવારે દૂધ પી નાની સાઈકલ પર નિશાળે જવા નીકળી ગઈ. વિચાર-ચિંતા-ઉદાસીમાં કોઈ વાહન સાથે ભટકાઈ ગઈ. અકસ્માતમાં મૃત્યુ થઈ ગયું.

બધી ક્રિયા પૂરી થયા પછી રાત્રે - પિતાએ એના ટેબલ પર - પેલા સોનેરી કાગળમાં પેક એક બોક્સ જોયું. પિતાએ ખોલ્યું એમાં પિતાને ગમતી એક ભેટ હતી. લખ્યું હતું. પપ્પા! આજે તમારો જન્મદિવસ છે. મારા વંદન સાથે આ નાની ભેટ સ્વીકારજો!

પિતાને મૃત્યુ કરતાં પણ આ ભેટ વધારે આઘાત આપી ગઈ...

જેએનયુ પ્રશ્ને વિપક્ષોની ભૂમિકા ચિંતાજનક છે

તંત્રીસ્થાનેથી...

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી ક્યારેક મુક્ત વિચાર અને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય માટે વખણાતી હતી, એને ઠેકાણે છેલ્લા કેટલાક સમયથી એ વિચારધારાઓ વચ્ચેના ઝેરીલા જંગનું રણમેદાન બની ગઈ છે. ડાબેરી વિચારધારા ધરાવતા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી પરિસરમાં એવા અનેક વાંધાજનક કાર્યક્રમો અને નિવેદનો થતાં રહ્યાં છે કે જે કોઈ પણ દેશવાસીની લાગણીની ઠેસ પહોંચાડે. વિશેષપણે 'આઝાદી'ની એમની માગણી જો માત્ર વિચાર સ્વાતંત્ર્ય પૂરતી મર્યાદિત હોત તો એની સામે ભાગ્યે જ કોઈએ વાંધો ઉઠાવ્યો હોત. પરંતુ યુનિવર્સિટીનાં છોકરડાં કોઈનાં ચડાવ્યાં ચડીને કાશ્મીરની આઝાદીની વાત કરવા લાગે, એ મુદ્દે સંસદ પર હુમલો કરાવનાર દેશદ્રોહી તત્ત્વોને 'હીરો' બનાવી એમને અનુસરવાની ધમકી આપે ત્યારે કોઈ સરકાર એને હળવાશથી ન જ લઈ શકે. કેન્દ્ર સરકારે આ મુદ્દે લીધેલ પગલાં પછી આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. વિદ્યાર્થી સંઘના પ્રમુખ કનૈયા સામે દેશદ્રોહની કલમ લગાડાતાં ડાબેરી નેતાઓ જ નહીં, ખુદ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે આ પ્રકારના કેન્દ્રના વલણનો ખુલ્લો વિરોધ કર્યો છે. પટિયાલા હાઉસ કોર્ટમાં કનૈયાને રજૂ કરતી વખતે કોર્ટ બહાર જે અરાજકતા અને ગુંડાગર્દીનાં દૃશ્યો સરજાયાં તે આપણી લોકશાહી અને પોલીસ બેઉ માટે શરમજનક ગણાવાં જોઈએ. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય ઓમપ્રકાશ શર્માએ તો રીતસર મારામારી જ કરી. આ બધુંનજરે જોવા છતાં પોલીસ મૂક પ્રેક્ષક બની રહે અને પોલીસ કમિશનર જાણે શાસક પક્ષના પ્રવક્તા હોય એવાં સાનુકૂળ નિવેદનો કરતા રહે ત્યારે તંત્ર અને સરકાર બેઉ પર પ્રજાને અવિશ્વાસ જાગે તે સ્વાભાવિક છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીની ઘટનાના પડઘા કોલકાત્તાની જાદવપુર યુનિવર્સિટી પર્યંત પડ્યા છે. ત્યાં તો ડાબેરી પાંખના વિદ્યાર્થીઓએ રીતસર દેશના વડાપ્રધાન સામે જ સૂત્રોચ્ચાર કર્યા અને આરએસએસના ઈશારે ચાલી રહેલ કહેવાતા દમન સામેજીવસટોસટ જંગ ખેલી લેવાનો નિરધાર વ્યક્ત કર્યો. પશ્ચિમ બંગમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે ત્યારે આ પ્રકારના વિદ્યાર્થી આલમના આક્રોશ પર કાબૂ મેળવવાનું કામ ઘણું અઘરું બની રહેશે. આ ઘટનાના પડઘા જાદવપુર યુનિવર્સિટી ઉપરાંત દેશની બીજી વીસ-પચ્ચીસ યુનિવર્સિટીઓમાં પણ પડવાની સંભાવના વરતાઈ રહી છે. વિચારધારાઓ વચ્ચેની લડાઈ વૈચારિક સ્તરે હોય ત્યાં સુધી બરાબર. લોકશાહીમાં સૌને પોતાના વિચારો વ્યક્ત કરવાની આઝાદી હોય તે જરુરી પણ છે. પરંતુ વિચાર સ્વાતંત્ર્યની લડાઈ જયારે રાષ્ટ્રીય સુરક્ષા સામેનું જોખમ બની રહે છે ત્યારે એને કડક હાથે દાબી દેવી જરુરી બની જાય છે. એમાં વિપક્ષોએ પણ સામે ચાલીને સહકાર આપવો ઘટે. એને બદલે વિપક્ષો આવા બનાવોમાં પણ સરકાર વિરોધી આંદોલનની શક્યતા શોધવા મથતા હોય તો તે દેશની લોકશાહી માટે ખૂબ જ ખતરનાક સંદેશ નીવડશે. ડાબેરીઓ એમના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. એમને વિદ્યાર્થી આંદોલનમાં ઊજળું ભવિષ્ય વરતાતું હોય તે બનવાજોગ છે. પરંતુ ડાબેરીઓના હિતમાં દેશનું હિત ન જોખમાય તે જોવાની સહિયારી ફરજ બેઉ મોટા રાષ્ટ્રીય પક્ષોની છે, તે ન જ ભૂલાવું જોઈએ.

વસંતઋતુ અને આરોગ્ય

'આ ડાળ ડાળ જાણે રસ્તા વસંતના... ફૂલોએ બીજું કંઈ નથી, પગલાં વસંતના...' રમેશ પારેખ સહિત આપણા સાહિત્યના અનેક મર્મીઓએ વસંતઋતુના મુક્તપણે ગુણગાન ગાયા છે. આમ તો વસંતઋતુના શૃંગારની પરંપરા વેદોથી લઈને કાલિદાસ, અને ત્યાંથી છેક આજ સુધી ચાલી આવી છે. વસંતઋતુ એટલે મ્હોરવાની ઋતુ બધું રંગબેરંગી હોય, સરસ મંદ પવન વહેતો હોય ઠંડી પણ નહીં અને ગરમી પણ નહીં એવું સમ વાતાવરણ અને ઉલ્લાસપૂર્ણ આબોહવા. એટલે એક રીતે જોઈએ તો વસંતઋતુને માણવાની ખૂબ મજા આવે, પણ એની બીજી બાજુ પણ છે.

વસંતઋતુમાં ઠંડી પણ નહિં અને ગરમી પણ નહીં, એટલે કે સંધિકાળ, એટલે કે રોગો થવા માટેનો શ્રેષ્ઠકાળ. વસંતઋતુમાં એલર્જીને લગતા રોગો ભરપૂર થાય. વિદ્યાર્થીઓની પરીક્ષાઓની પરીક્ષાઓ પણ વસંતઋતુમાં જ એટલે વધારાનું ટેન્શન. આ બધી બાબતો પણ વસંતઋતુ સાથે એટલી જ ઘનિષ્ટતાથી સંકળાયેલી છે.

આયુર્વેદમાં વર્ણિત છ ઋથુઓમાં વસંતઋતુ દરમિયાન કફજન્ય વ્યાધિઓનું પ્રમાણ વધે છે. શિશિરઋતુમાં જે કફ સંચિત થયો હોય તે ઠંડક ઘટતા અને સૂર્યકિરણોમાં જે કફ સંચિત થઈને ઓગળવા લાગે છે. આના કારણે પાચનાગ્નિમંદ થાય છે. અને પરિણામે પાચનને લગતા વિવિધ રોગો, કફ જન્ય રોગો અને આપણી ચેનલ્સ (સ્રોત) માં કફનું બ્લોકેજ થવાથી થતા રોગોની સંખ્યા વધે છે.

વસંતઋતુમાં જોવા મળતો કોમન રોગ એટલે એલર્જી એમાંય ખાસ કરીને શ્વસનતંત્રને લગતી એલર્જી. નાકમાંથી પાણી પડવા, છીંકો આવવી, માથુ ભારે થવું. આંખો લાલ થઈ જવી. આદિ લક્ષણો જોવા મળે. આધુનિક વિજ્ઞાનમાં ઘણી વખત એવું પણ જોવાયું છે કે જે રોગો થવાની સંપ્રાપ્તી કે કારણ ન જાણી શકાય તેને એલર્જીક ગણી કાઢવું આ એલર્જીને કારણે થતાં રોગોની ચોક્કસ સારવાર આપવામાં આવે છે. જે બહુ થોડા સમય માટે કારગત નીવડે. જયાં સુધી દવાની અસર હોય ત્યાં સુધી ગાડી દોડે, અસર પુરી કે કામ પત્યું.

આયુર્વેદમાં રોગો થવાના કારણ અને તેની સંપ્રાપ્તિનું વિજ્ઞાન જરા જુદુ છે. (અને મારા મતે વધુ સાયન્ટીફીક છે...) અહીં મૂળ વાત આહારવિહાર - આચારવિચાર પર છે. તમારે પ્રકૃતિને જે ચીજ અનુકૂળ ન આવતી હોય, અથવા તો જે- તે ઋતુમાં જે તે ચીજ અનુકૂળ ન આવતી હોય. તેનું સેવન કરવામાં આવે તો રોગો થવાના જ. એક બાજુ આપણે કફ સીરપની બોટલો ગટગટવ્યે જઈએ અને બીજી બાજુ આઈસ્ક્રીમ- પિત્ઝા દબાવ્યા કરીએ તો રોગ મૂળમાંથી જવાનો જ નથી. હા, સ્ટ્રોંગ દવાઓને કારણે તત્પુરતી રાહત જોવા મળે છે પણ રોગ ફરીથી દેખા દે જ.

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

વસંતઋતુમાં જે રોગો થાય તેની પાછળ પાચનતંત્રની મંદતા વધુ કારણભૂત છે. એટલે સૌ પ્રથમ તો આહાર-વિહારમાં સંયમ રાખવો, હળવો પૌષ્ટિક ખોરાક લેવો. વાસી ખોરાક તો બિલકુલ ન લેવો. જે વ્યક્તિની કફ પ્રવૃત્તિ હોય તેઓએ ખાસ જાળવવું, કફવર્ધક, ખોરાક ન લેવો. બપોરે ઊંઘવાનું ટાળવું. વસંતઋતુમાં જોવા મળતી એલર્જીમાં અણુક ઔષધો ખૂબ કારગત નિવડી શકે. જેમ કે હળદર, તુલસી, મરી, અરડૂસી, હરડે, ગળો આદિ. આ બધા જ ઔષધો કફને ઘટાડનારા તેમજ શરીરની ઈમ્યુનિટી વધારનારા છે. પાચનતંત્રને પોષણ આપનારા છે. શરીરની રક્તશુદ્ધિ કરનારા છે. હળદર તો નિયમિત લેવાની રાખવી જ. વસંતઋતુમાં ખૂબ ફાયદો કરશે. સ્કૂલના વિદ્યાર્થીઓ પણ હળદર - ગોળ ચાટી જાય, કે હળદરવાળુ દૂધ પીવે તો ઈમ્યુનિટી વધશે. પરીક્ષા ટાણે જ અચાનકથી જોવા મળી જતો તાવ-શરદીમાં રાહત થશે.

હળદરને મુખ્ય ઔષધ તરીકે રાખી તેમાં દારુ હળદર, ત્રિફળા, ચિત્રક, સૂંઢ, પીપર, તજ, મોથ, અરડૂસી, ગળી, વાવડીંગ આદિ નાખીને હરીદ્રા ખંડપાક નામે ઔષધિ બનાવવામાં આવે છે, જે સર્વત્ર ઉપલબ્ધ છે. બોર્નવીટા જેવા ગ્રેન્યુઅલ્સના ફોર્મમાં મળતી આ ઔષધીને દૂધ સાથે લેવાથી ઈમ્યુનિટી વધે છે. પાચનતંત્ર સુધરે છે, શરીરનો કફ સમ રહે છે અને રક્તશુદ્ધ થાય છે. આપણી હેલ્થ પ્રત્યે થોડા સભાન થઈને વસંતઋતુને વધાવીએ... નિરામય રહીએ...

- drkedarju@gmail.com

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી....

ઈ.સ. વર્ષ ૨૦૦૦ થી યુનેસ્કો દ્વારા દર વર્ષે વિશ્વ માતૃભાષા દિન ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. વિશ્વના મોટાભાગના દેશો આ દિવસે પોતાની ભાષાનું સંવર્ધન થાય તેવા વિવિધ કાર્યક્રમો કરે છે. આપણા દેશમાં ભાષાઓનું વૈવિધ્ય પરદેશીઓને તો ઠીક આપણા દેશવાસીઓનેય અચરજ પમાડે તેવું અને તેટલું છે. આપણી ભાષા ગુજરાતી વરસોથી બોલાય છે, લખાય છે અને અન્ય ભાષાઓની સંસ્કૃતિથી રસાય છે. કવિશ્રી ઉમાશંકર જોષીએ કેવળ અગિયાર લીટીમાં આપણી ભાષાની રામકહાણી લખી દીધી છે. કાવ્યનું નામ કેટલું સરસ છે? 'ગુર્જરી ગિરા'.

જે જન્મતાં આશિષ હેમચંદ્રની
પામી, વિરાગી જિનસાધુઓએ
જેનાં હીંચોળ્યાં મમતાથી પારણાં,
રસપ્રભા ભાલણથી લહી જે
નાચી અભંગે નરસિંહ-મીરાં -
અખા તણે નાદ ચડી ઉમંગે
આયુષ્મતી લાડી પ્રેમ ભટ્ટની,
દઢાયું ગોવર્ધનથી બની જે.
અર્ચેલ કાન્તે દલપત પુત્રે
તે ગુર્જરી ધન્ય બની ઋતુભંરા
ગાંધી મુખે વિશ્વમાંગલ્યધાત્રી.

જયારે ગુજરાતી ભાષા સંસ્કૃત-પ્રાકૃત-મધ્યકાલીન (જૂની) ભાષામાંથી ધીરે ધીરે આધુનિક રૂપ ધારણ કરી રહી હતી ત્યારે આપણી લાડલી ભાષાને બંગાળી-મરાઠી-તમિલ કે હિંદી ભાષા જેવો માનમરતબો મળ્યો ન હતો. તે સામે આદ્યકવિ પ્રેમાનંદે પ્રતિજ્ઞા કરી કે જયાં સુધી મારી ભાષાને સન્માન નહીં મળે ત્યાં સુધી હું પાઘડી નહીં પહેરું. તેમણે ગામેગામ ફરીને, આખ્યાનો કરીને લોકોને ગુજરાતી ભાષાના રસાસ્વાદનું ભાન કરાવ્યું.

મનના ઉમંગો
રણછોડ પરમાર

એ પછી ગુજરાતી ભાષાના ગૌરવ માટે લડ્યા કવિ દલપત રામ. આપણા રાજયમાં જયારે મરાઠી ભાષાને રાજય ભાષાનો દરજ્જો આપવાની હવા ફેલાણી ત્યારે દલપતરામે 'ગુર્જર વાણી વિલાપ' રજૂ કરી જુસ્સાથી અવાજ ઉઠાવી કહ્યું, 'રૂડી ગુજરાતી રાણીનો હું વકીલ છું.' એ પછી ગાંધીજીએ તો પોતાની આત્મકથા ગુજરાતીમાં લખીને દેશ અને દુનિયાના લોકોને ગુજરાતી ભાષા માટે વિચારતા કરી દીધા. તેઓ આટલેથી અટક્યા નહીં. ગૂજરાત વિદ્યાપીઠ તરફથી 'સાર્થ જોડણીકોશ' પ્રગટ કરવામાં પૂરું ધ્યાન આપ્યું. તેની પ્રસ્તાવનામાં સ્પષ્ટ લખ્યું, 'અંગ્રેજી ભાષાના શબ્દોની ખોટી જોડણી કરતાં આપણને શરમ લાગે છે, તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ. હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.' છતાં આપણે ઊંઝા જોડણીકોશનો ઉહાપોહ કરેલા જે હમણાં માંડ માંડ ઠર્યો છે. છતાં ખોટી જોડણી લખાવાનું હજુ ચાલુ છે, છાપાઓ અને સામયિકોનું તો જાણે સમજ્યા એમને તાબડતોબ બધુ લખાવી લેવું છે, રાતોરાત છપાવી દેવું છે અને સવારે તો ઘેરઘેર વહેંચી દેવું છે. પરંતુ આ દૂરદર્શનવાળા જે કંઈ લખાણો દર્શાવે છે એને જોવા ચકાસવાવાળું કોઈ હશે કે નહીં? જો કે આ બધી વાતો અને કંઈ કેટલાય પ્રશ્નો એકવીસમી ફેબ્રુઆરીના અખબારોમાં અને તે દિવસે મળનાર સભા-સંમેલનો વિગતવાર ચર્ચાશે, એટલે આગણે મૂળ વાત પર પાછા ફરીએ.

ઉમાશંકર જોશીએ ઉપરની કવિતા તા. ૨૬.૨.૧૯૩૭ ના રોજ લખી હતી 'સમગ્ર કવિતા'માં આ તારીખની નીચે ૧૯૬૨ અને ૧૯૮૦ પણ છપાયું છે. એટલે મૂળ કાવ્યમાં કવિએ કશોક ફેરફાર જરુરથી કર્યો હશે. કારણ કે કવિ ગુજરાતી ભાષાના ગૌરવમાં સદા રમમાણ રહેતા. તેથી તા. ૩૦.૩.૧૯૫૫ના રોજ તેમની કલમમાંથી વધુ એક કાવ્ય અવતરણ પામ્યું, 'ગાંધી ગિરા'.

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી.
રમે અન્ય સખીઓ થકી દ'ઈ તાળી,
સુધા કર્ણ સીંચે ગુણાળી રસાળી.
કરે બોલતા જે, ભર્યા ભાવ છાતી,
રમો માતૃભાષા, મુખે ગુજરાતી
મળી હેમ આશિષ, નરસિંહ-મીરાં,
થયા પ્રેમભટ્ટ ને અખો ભક્ત ધીરા.
પૂજી નર્મદે કાન્ત ગોવર્ધન જે,
સજી ન્હાનલે કલ્પના ભવ્ય તે જે.
ધ્રુવા સત્ય-સાથી અહિંસા-સુહાતી.
નમો ધન્ય ગાંધી ગિરા ગુજરાતી.

ઉમાશંકર જોશીનો 'નિશીથ' કાવ્યસંગ્રહ જયારે જ્ઞાનપીઠ પુરસ્કારથી પોંખાયો ત્યારે ભારતની ભાષાઓ વચ્ચે ગુજરાતી દમામભેર બેઠી. આ જ સંગ્રહમાં ઉપર્યુક્ત ગાંધીગિરા કાવ્ય સમાવાયેલું. એ કાવ્યસંગ્રહમાં બીજું પણ એક સરસ કાવ્ય હતું.

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.

આ કાવ્યમાં છેલ્લે કવિ કહે છે કે 'એકવાર ગાઈ કે કેમ કરી ભૂલવી? ગુજરાત મોરી મોરી રે.' એ પછી તો આ ગરવી ભાષાના રંગે રંગાયેલા નવલકથાકાર પન્નાલાલ પટેલ અને પ્રતિષ્ઠિત કવિ રાજેન્દ્ર શાહ પણ જ્ઞાનપીઠ એવોર્ડ મેળવી આપણી ભાષાનું નામ રખિયાત કરી આવ્યા છે. આ વરસે આપણા વડીલ કવિ નવકથાકાર- નિબંધકાર રઘુવીર ચૌધરી આ ઈનામ પ્રાપ્ત કરી ઉમાશંકરના પગલે ગુજરાતીનું ગૌરવ વધારવામાં સફળ થયા છે. આ સુખદ પ્રસંગે એક દુ:ખદ ક્ષણ આપણને હચમચાવી ગઈ છે. ગુજરાતી ભાષાનો પૂરેપૂરો કસ કાઢવા સતત મથતા રહેલા લાભશંકર ઠાકર દિવંગત થયા.

અત્યારે ચંદ્રકાન્ત શેઠ, ધીરુભાઈ પરીખ, ગુણવંત શાહ, મધુ રાય, અને નિરંજન ભગત જેવા મહાનુભાવો ગુજરાતી ભાષાને પોતાના લખાણોથી સમૃદ્ધ કરી રહ્યા છે. લા.ઠા.નું લેખનકાર્ય હવે ભલે અટકી ગયું હોય પણ એમના કાવ્યો હજુય અવર હૃદયોને ઝકઝાળવા સક્ષમ છે. સાંભળો આ કાવ્ય.

ઘેટું છે

ઘેટું છે. ઊઠતાં વાર લાગે,
પણ તને ઉઠાડ્યે છૂટકો
તારી ઊન ઉતારવાની છે,
જેમ બધાની ઉતારવાની છે તેમ.
સિઝન છે ઊન ઉતારવાની
હા,
આગળ ચાલે છે બધાં તેની પાછળ પાછળ ચાલ.

અનુસંધાન પાના નં. ૭ પર

માતૃભાષાનું મૂળભૂત ઊંડાણ પામ્યા વગરનો માણસ ગમે તેટલી ભાષાઓ શીખે પણ તે સરવાળે છીછરો જ રહે છે

સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી.
મળી હેમ આશિષ, નરસિંહ - મીરાં.
થયો પ્રેમભેટ ને અખો.
- ધીરા ભગત

પૂજી નર્મદે કાન્ત ગોવર્ધને જે,
સજ ન્હાનલે કલ્પના ભવ્ય જે.
ધ્રુવા સત્યસાથી, અહિંસા સુહાતી,
નમો ધન્ય ગાંધી ગિરા ગુજરાતી.
- ઉમાશંકર જોષી

દરેક દેશમાં ભુલાતી જતી તેની મૂળભૂત માતૃભાષાની જાળવણી થાય તેમજ વિશ્વમાં સાંસ્કૃતિક વિવિધતા બહાર લાવવાના આશયથી યુનેસ્કોએ ૨૧ ફેબ્રુઆરીનો દિવસ આંતરરાષ્ટ્રીય માતૃભાષાદિન તરીકે જાહેર કર્યો છે.

દોસ્તો! ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત.'' - આ ગૌરવગાન વિસરી ચૂકેલા આજના પાક્કા ગુજરાતીઓ પોતાના બાળકોને ''ગુજરાતી'' નથી આવડતું એ વાત ગૌરવભેર કહેતા આજે જોવા મળે છે!!! અંગ્રેજો તો ભારતમાંથી ગયા પ...ણ... ગુલામીનો સ્વાદ ચાખી ગયેલા ભારતીયજનો - એમાંયે ખાસ તો આપણા ગુજરાતીઓ અંગ્રેજી ભાષાની ગુલામીમાંથી હજુયે છૂટ્યા નથી...છૂટવા માંગતા પણ નથી. મિત્રો, અંગ્રેજોએ ક્યારેય ગુજરાતી ભાષાનો ઉપયોગ સ્વીકાર્યો નહોતો... એનાથી સૌ કોઈ વિદિત છે જ - પરંતુ અંગ્રેજી પાછળ ઘેલા થયેલા આપણા ગુજરાતીઓને તો અંગ્રેજીનું તો એવું ભૂત વળગ્યું છે કે પોતે ગુજરાતીમાં ભણેલા - ગણેલા ને ઉછરેલા હોવા છતાંયે પોતાનાં બાળકોને મા સમાન માતૃભાષાથી દૂર કરી રહ્યા છે. પોતાના બાળકોને ગુજરાતી માધ્યમમાં ભણાવતાં શરમ - સંકોચ અનુભવે છે... આ બધું જોતાં એવું લાગે છે કે અંગ્રેજી ભાષાનું આવું આવું ગાંડપણ કદાચ આપણા ત્યાં સિવાય અન્ય ક્યાંય જોવા નહિ મળે. જાપાન-ચીન જેવા દેશમાં સૌ પોતાની જ ભાષા વાપરે છે છતાં એમની માનસિકતા ઘણી વિકસિત છે, ખોટા દંભ - આડંબર કે ખોટો ફાંકો નહિ... આત્મવિશ્વાસથી ભર્યા ભર્યા... આ લખતાં લખતાં મને પેલી પંક્તિઓ યાદ આવી જાય છે.

''વેલને વાઉ ને કુવા ને વાવ
ગુજરાતી પ્રજાને અંગ્રેજી તાવ''

હમણાં બજારમાં અમદાવાદસ્થિત મારો એક સહાધ્યાયી મળી ગયો, પોતાની સાથે રહેલી પૌત્રીના અંગ્રેજીપણાનું મારી સમક્ષ ગૌરવભેર રીહર્સલ કર્યું ... તત્ક્ષણ હું કાઈ ન બોલ્યો કારણ એ એના તાનમાં હતો... આમ કેવળ વટ પાડવા ખાતર કે સામેવાળાને આંજી નાખવાના હેતુથી અંગ્રેજી શબ્દો વાપરી વાત કરનારા આવા અર્ધદગ્ધ મનથી એવું માનતા હોય છે કે, ''ઈંગ્લીશ બોલવાથી આપણી ઈમ્પ્રેશન બહુ સારી પડે છે.'' - ને - પોતાની જાતને ધન્ય માને છે...

આજે અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની મોટાભાગના મા-બાપોને ઘેલછા લાગી છે... આમેય દેખાદેખીમાં આપણા ગુજરાતીઓ પાછા પડે એમ નથી. અનુકરણમાં આપણને કોઈ ન આંબી શકે... આપણે પ્રત્યેક ક્ષેત્રમાં ગતાનુગતિકનું વરદાન પામ્યા છીએ... બુદ્ધિને તાળું લગાવી બારણે બેઠા છીએ...મૌલિક રીતે વિચારવાનું જ છોડી દીધું છે. તેથી જ સ્તો ચારેબાજુ નર્યો દંભ જ ડોકાય છે.પેલી લોકોક્તિ સાંભળી હશે,

''પૂરબ કો પંડિત ભલો, જ્ઞાની કો પંજાબ,
કર્મકાંડી કો દખ્ખણ ભલો ઔર ઢોંગીકો ગુજરાત.''

''અંગ્રેજી ભાષાના પ્રયોગથી જ મને મોટાઈ મળશે.'' - એવા ખોટા ખ્યાલથી બે ગુજરાતીઓ પણ અરસપરસ અંગ્રેજીમાં વાતચીત કરવા લાગે ત્યારે સખેદ આશ્ચર્ય થાય છે... આવી કુત્રિમતા ને દંભે જ આપણને ઉપલકિયા બનાવ્યા છે... ટી.વી. પર પ્રદર્શિત થતી ધારાવાહિકો (સીરીયલો) ના સંવાદો પણ અંગ્રેજી મિશ્રિત હોય છે...લોકશિક્ષણના આ જ સબળ માધ્યમો પણ પોતાની ભૂમિકાનું ભાન ભૂલી બેઠાં છે. હવે તો ''ગુજરાતી'' એમ આખું બોલવાને બદલે ''ગુજ્જુ'' બોલવા લાગ્યા છીએ!!!

ખેર, એક માત્ર મા - બાપની આંધળી ઘેલછાને કારણે પરકીય ભાષામાં અધ્યયન કરનાર કુમળા બાળમાનસને ક્યારેય નજીકથી નિહાળ્યું છે ખરું?! અરે એની સુષુપ્ત શક્તિઓ પૂર્ણપણે ખીલવાને બદલે કુંઠિત થઈ જાય છે... તે જીવનનું ઊંડાણ ક્યાંથી સાધી શકશે? મારા પેલા સહાધ્યાયીની જેમ ઘણીવાર મા-બાપો અતિહોંશથી પોતાના બાળકનું અંગ્રેજી જ્ઞાનનું પ્રદર્શન સૌની પાસે કરાવે છે, માનસશાસ્ત્ર કહે છે તેમ લઘુતાને છાવરવા માણસ ગુરુતાનો આધાર લે છે - એ ન્યાયે અંદરથી ખોખલો બનેલો માણસ આવા પ્રદર્શનથી સૌને આંજવાના મિથ્યા પ્રયાસ આદરે છે.

લાગણીનો મેળો
રસિક વાળંદ

સાવ નાની અબુધ વયે વિષયજ્ઞાન અને ભાષા જ્ઞાનનો બેવડો બોજ લાદવો એ નરી ક્રૂરતા જ છે..... દેવનાં દીધેલ બાળપુષ્પોને સુયોગ્ય રીતે ખીલવવાને બદલે આપણે ચીમળાવી નાખીએ છીએ!!

દોસ્તો, ભાષા શીખવી - તેના સાહિત્યને માણવું એ એક વાત છે ને ભાષાના મોહતાજ થવું એ બીજી વાત્યે, મિત્રો, ભાષાનો પ્રભાવ સંસ્કારો પર પણ પડે છે. ક્યારેક સંપત્તિના સ્થાને સંતતિ ગુમાવવાનો વારો આવે છે. એક વાત હંમેશ યાદ રાખજો કે માતૃભાષાનો પાયો મજબૂત થાય પછી માણસ ગમે તેટલી ભાષાઓ શીખે એનાથી એના વ્યક્તિત્વને વ્યાપક પરિણામો સાંપડશે. નબળા પાયા ઉપર ઈમારત સ્વસ્થ રહી શકે ખરી? માતૃભાષાનું મૂળભૂત ઊંડાણ પામ્યા વગરનો માણસ ગમે તેટલી ભાષાઓ શીખે પણ તે સરવાળે છીછરો જ રહે છે, કારણ બાળકનો મોટાભાગનો સમય અને શક્તિ અંગ્રેજી ભાષા સમજવામાં વેડફાઈ જાય છે તેનામાં માત્ર ગોખણપટ્ટી ને જ બળ મળે છે. -

''દેશ ગયા પરદેશ ગયા ને શીખી લાવ્યા વાણી,
'વોટર' કહેતા જીવ ગયો ત્યાં ખાટલા નીચે પાણી.!''

આ મર્મભેદી કટાક્ષ ઘણું બધું કહી જાય છે, પરભાષાના પ્રભાવથી અંજાયેલા પોતાની ભાષાની અવગણના કરનાર ક્યારેય પાણીદાર બની શકતો નથી.ખલિલ જિબ્રાને કહ્યું છે કે, ''મારી માતાએ મારો અભ્